| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૧૦/૦૨/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૨૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૬૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૧૩ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૧/૨૦૨૫**

**રામોલઃ** પ્રદીપકુમાર પોપટલાલ રાવલ (ઉ.વ.૫૪) (રહે. શ્રી ઉમીયા ટેનામેન્ટ સુરેલીયા એસ્ટેટ રોડ રામોલ) એ તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૫ બપોરના ૪/૦૦ થી તા.૦૩/૦૨/૨૦૨૫ કલાક ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૨/૨૦૨૫**

**નવરંગપુરાઃ** પ્રતિક અશ્વિનભાઈ સોની (ઉ.વ.૪૨) (રહે. ઈન્દ્રપ્રસ્થ ગુલમહોર આઈટીસી નર્મદા હોટલ પાછળ વસ્ત્રાપુર) એ તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૨/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સીજી રોડ ગીરીશ કોલ્ડ્રીંક પાછળ ૨૦૮ થર્ડ આઈ થ્રી કોમ્પલેક્ષ ખાતે પ્રતિક સોનીની આરવ જ્વેલર્સ પ્રા.લી. નામની દુકાને નોકરી કરતા (૧) યશ સોની (રહે. નાગરવાડાનું ડેલુ વિરમગામ) (૨) હાર્દીક કાનાની (રહે. મહેશ્વરી સોસાયટી ઉત્તમનગર પાસે નિકોલ રોડ નિકોલ) અને (૩) અમિત ભાલાણી (રહે. દિવ્યજીવન રેસીડન્સ અમરજ્યોત સર્કલ પાસે એસ.પી.રીંગ રોડ નિકોલ) એ ભેગા મળી દુકાનમાંથી ૯૦૦ ગ્રામ ગોલ્ડ બીસ્કીટ કિમત રૂપિયા ૭૦,૨૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એ.દેસાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૨૧૩/૨૦૨૫**

**ઈસનપુરઃ** સુમિત્રાબહેન વા/ઓ કૌશિકભાઈ પટેલ (ઉ.વ.૫૦) (રહે. આશિર્વાદ ફ્લેટ સીટીએમ એક્સપ્રેસ–વે પાસે રામોલ) તા.૦૮/૦૨/૨૦૨૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે ઇસનપુર મંગલેશ્વર મહાદેવથી ઘોડાસર ચાર રસ્તા જવાના રસ્તા પર આવેલ વૈભવલક્ષ્મી મંદિર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટિવા ઉપર આવેલ બે પુરૂષ સુમિત્રાબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિંમત રૂપિયા ૮૦,૦૦૦/– ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુમિત્રાબહેન પટેલ એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૨૧૪/૨૦૨૫**

**વાસણાઃ** અભિષાબહેન ડો/ઓ પ્રવિણભાઇ ચાવડા (ઉ.વ.૨૩) (રહે. શેરી નંબર–૪ ચામુંડાનગર જીવરાજ મહેતા હોસ્પીટલ સામે વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૫ બપોર ૩/૦૦ થી ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.ગલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી